શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૯
અંક : ૨

## બાળકની સફળતા

એક નાનકડું ગામ હતું. તે ગામમાં ભોલુ અને ગોલુ નામના બે બાળકો રહેતા હતા. ભોલુ ના ઘરનું જીવન કઠિન હતું. ભોલુને ભણવાની ઉંમર હતી પણ તે ઘરની પરિસ્થિતી જોઈને ભણવા જઈ શકતો નહોતો. ગોલુના ઘરની પરિસ્થિતી પણ સારી ન હતી ગોલુના માતા–પિતા ગોલુને કામ કરવા લઈ જતા નહી અને ગોલુને શાળાએ મોકલતા પણ ગોલુ ભણવામા ધ્યાન આપતો નહિ. ભોલુને એક વિચાર આવ્યો કે આજે મારે કામ કરવા નથી જાવુ આજે મારે શાળાએ જાવુ છે. ભોલુએ તેના માતા–પિતાને કહયું કે "આજે હું કામ કરવા નહી આવું શાળા એ જાવું છે" તેના માતા–પિતા ભોલુ પર ગુસ્સે થયા કે "કામ કર શાળાએ કાંઈ જાવુ નથી". ભોલુ નિરાશ થઈને કામે જતો રહયો. જયારે ભોલુ કામે જાય ત્યારે તેમના મિત્રો શાળાએ જતા હોય. ત્યારે ભોલુને એમ થાય કે ભગવાન મારો શું વાંક છે કે મારે ભણવાની ઉંમરે મજુરી કરવી પડે છે. ત્યારે એમ થાય કે માતા–પિતાનો વાંક છે તે બાળકને શાળા સુધી પહોચાડી નથી શકતા. ભોલુ કામ કરીને પાછો આવતો હતો ત્યાં એક સેવાભાવી વ્યકિત મળ્યા અને તેમણે ભોલુને પુછયું "બેટા તું કયા ધોરણમાં ભણે છે". તે સમયે ભોલુની આંખમાં આંસુ આવી ગયા. તેમણે કહયુ કે "બેટા તુ રડે છે કેમ" ? ત્યારે ભોલુએ કહયું સાહેબ, "હું ભણતો નથી પણ કામ કરવા જાવ છું" ત્યારે આ સેવાભાવી વ્યકિતએ ભોલુને કીધું "બેટા તારી ઉંમર કામ કરવાની નથી, તને તો તારુ બાળપણ જીવવાનો અધિકાર છે. આજે મારે તારા માતા–પિતાને મળવુ છે." ભોલુ સાહેબને તેના માતા–પિતાને મળવા લઈ ગયો ત્યારે તેમણે તેના માતા–પિતાને સમજાવ્યા કે આ બાળકની ઉંમર શાળાએ જવાની છે બાળમજુરી કરવાની નથી આજે ભણ્યા વગર ૫૦ રૂપિયા લાવે છે જો આ બાળક ભણશે ૫૦૦ રૂપિયા લાવશે. આમ, ભોલુ બાળમજુરીમાંથી મુકત થયો અને શાળા સુધી પહોચ્યો. ભોલુ શાળામાં પ્રથમ નંબરે આવતો થયો અને ભણીને સારી નોકરી મળી ગઈ ત્યારે ભોલુના માતા–પિતાને થયું કે ભગવાનરૂપી માણસે આવીને મારા દિકરાનું ભવિષ્ય ઉજજવળ બનાવી દીધું ત્યારે સમજાય કે બાળકોને શિક્ષણની જરૂર છે.

**ગૃહસ્થ માણસ તમામ ધર્મોનું મુળ કહેવાય**

## પ્રતિભાવો

ગોપાલધામના સરનામે ગ્રા. નં. ૫૬૪ થી ટપકનો જાન્યુઆરી ૨૦૧૭ નો અંક મળ્યો છે. આપે આજના શિક્ષણ અંગે શ્રી હંસરાજભાઈનું લખાણ છાપ્યું છે. સમયસરનો પ્રશ્ન છે. આ અંગે શું કરવુ જોઈએ ? અભિપ્રાય મંગાવીએ અને સંકલન કરીએ એવુ મારૂ સુચન છે. મારી જેવા વુધ્ધોને પુનઃશ્ચ હરિૐ શકય નથી. મિત્રો પણ ના પાડે છે. પાંદડે પાણી પાવું કે મુળમાં પાણી પાવું એ આ ટ્રસ્ટની મથામણ છે. સંપતીથી જ વાહ વાહ થાય તેવા વાતાવરણમાં આજના યુવાનો અભિપ્રાય આપે તેના આપ વાહક બન્યા છો. **– છેલભાઈ શુકલ**

ટપક હવે બાળકમાંથી યુવાન બન્યુંએ જાણી આનંદ થયો. હવે યુવાનીની ધાર જોવા મળશે અભિનંદન. **– માનભાઈ ગોયલ**

શિક્ષણ, ખેતી અને સમાજ ઉપયોગી માહિતી આપતા રહો છો તે ખુબ સારી બાબત લાગી. ટપક ટીમ સમાજ તેમજ વાલીને જાગૃત કરવાનું કાર્ય કરે છે તેમજ ઉપયોગી માહિતી આપતા રહે છે. **– હંસરાજ પેથાણી**

ટપકમાંથી ખુબ સરસ જાણવા મળે છે. આજ રીતે અમને માહિતગાર કરતા રહો તેથી ટીમને અભિનંદન પાઠવુ છુ. **– મંજુલાબેન મારૂ**

ટપકમાંથી અમે ખેતી વિશેની માહિતી થી વાકેફ થઈએ છીએ. આજ રીતે માહિતી મોકલતા રહો. તે માટે એસએસકેકે ની ટીમને ધન્યવાદ.

**– અશોકભાઈ પટોળીયા**

(વાચક મિત્રો, છેલભાઈની આજના શિક્ષણ પ્રત્યેની લાગણી તથા હંસરાજભાઈના લેખ બાબતે અભિપ્રાય મોકલવા વિનંતી છે.)

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલી શકશો તેમજ સંસ્થાને તેના કાર્યોમાં આપ ઓનલાઈન ડીઝીટલ પધ્ધતિનો ઉપયોગ પણ કરીને આર્થિક સહયોગ આપવા નીચેની લીકને ઉપયોગમાં લેવા વિનંતી છે.

**https://letzchange.org/nonprofits/shikshan-ane-samaj-kalyan-kendra/what-we-do**

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

**– એસએસકેકે ટપક ટીમ**

**સુખી થવા આખી જિંદગી દુઃખી થાય એનું નામ માણસ**

## શાળા મેનેજમેંટ કમીટી (એસએમસી)

ખરેખર જોઈએ તો દરેક ગામની અંદર એસએમસીની ફરજ અને કાર્યની સમજ હોયતો ગામનું શિક્ષણ ખુબ જ સારુ અને પ્રગતિશીલ બને છે. આમાં એસએમસીનો ફાળો મહત્વનો ભાગ ભજવે છે. કારણ કે એસએમસી ઉપર સરકારનો પણ વિશ્વાસ અને પુરૂ ધ્યાન છે.

અમારું ગામ ત્રંબોડા નાનુ પણ રળિયામણુ અને શિક્ષણમાં પણ ખુબજ સારી રીતે બાળકોને તમામ પ્રકારની ભૌતિક સુવિધા સાથે ભણતર પણ સારું છે. શાળાનો સ્ટાફ પણ નિયમિત રીતે અને કાળજીપુર્વક ભણાવે છે. સાંસ્કૃતિક કાર્યક્રમો અવારનવાર થતા રહે છે. અને ગુણવતાભર્યુ શિક્ષણ આપવામાં આવે છે. કૌશલ્યલક્ષી જ્ઞાન અંગેનો ઉદેશ છે બીજુ કે ગામના વાલી પણ હવે જાગૃત થઈ ગયા છે તેમને એસએમસી દ્વારા પુરી સમજ આપવામાં આવે છે. વાલી મિટીંગ અને ગામસભા નિયમિત થાય છે. ગામનાં પ્રતિષ્ઠિત નાગરીકો અને આગેવાનો પણ સહકાર સુચન આપતા રહે છે. તેમજ તે એસએસકેકે દ્વારા તાલીમ પામેલા ગામનાં સ્વયંસેવકો પણ પોતાની ફરજ ભુલતા નથી. ગામમાં કંઈને કંઈ મદદ કરતા રહે છે. સેવાનું કાર્ય કરે જ છે. અમારી શાળા સ્વચ્છતાનું પણ એક ઉદાહરણ જોવા મળે છે. ૨૬ મી જાન્યુઆરીએ ગામનાં સ્વયંસેવક શ્રી મનસુખભાઈ સિધ્ધપરાએ વેસ્ટમાંથી બેસ્ટ એવી કચરાપેટી બનાવીને અમારી શાળાને ભેટ આપેલ છે તે ખુબજ પ્રસંશનીય છે મનસુખભાઈ સિધ્ધપરા પોતાની ફરજ પુરેપુરી અદા કરે છે અને અમારી શાળાને પણ મદદરૂપ બને છે. દરેક ગામમાં જો આવી રીતે વાલી જાગૃત બને અને સ્વયંસેવક પણ પોતાની ફરજ બજાવતા રહે તો ખરેખર ગામ ગોકુળિયુ બને છે.

શાળાનો વિકાસ અને બાળકોના વિકાસ એ રાષ્ટ્રનો વિકાસ બને છે. ત્યારેજ ગતિશીલ ગુજરાત અને ગતિશીલ ભારત કહેવાનું યોગ્ય ગણાશે. — ***હંસરાજભાઈ પેથાણી, ત્રંબોડા***

***છગને ડોકટરને પુછયું :*** તમને ખબર કેમ પડે કોણ ખરેખર ગાંડું છે અને એની હોસ્પિટલમાં ભરતી કરવી કે નહિ?

***ડોકટર :*** એવું છે ને છગનભાઈ , અમે એક બાથટબ પાણીથી ભરી દઈએ અને એક ચમચી અને એક કપ અને એક ડોલ આપીને પેલાને કહીએ કે આ બાથ ટબ ખાલી કરીને બતાવ.

***છગન :*** અરે વાહ, મને સમજાઈ ગયું, જો પેલો ડોલથી બાથટબ ખાલી કરેતો બરોબર કહેવાય.. કેમકે ડોલ જ સૌથી મોટી છે ને ?

***ડોકટર :*** ના, જો એ નોર્મલ હોય તો એ બાથટબમાં ડ્રેઈન પ્લગ કાઢી નાખે અને બધું પાણી એક સાથે નીકળી જાય...

***જે લોકો ફુલ વેચે છે તેમના હાથમાં સુંગધ રહી જાય છે***

## ખેત ઉત્પાદક સંઘ પ્રોત્સાહન કાર્યક્રમ

કુદરતી સંશાધનોની જાળવણીની સાથે આજીવીકાના સાધનો મજબુત બનાવવાના કાર્યને નિરંતરતા તરફ લઈ જવા માટે સ્થાનિક લોકોના સંગઠનો જ ઉપયોગી થાય તેમ માનવામાં આવ્યુ. સંસ્થાની કૃષિકારો સાથેની છેલ્લા વીસેક વર્ષની કામગીરી સાથે જોડાયેલા ખેડૂતો પૈકી ખાંભા તાલુકાના ખેડૂતોએ ખેત ઉત્પાદક સંગઠન રચી ૨૦૦૬માં તેની કંપની ધારા હેઠળ "અવિરત" ના નામે નોંધણી કરાવી કામગીરી શરુ કરી હતી. સંસ્થાએ શરૂ કરેલ કાર્યને આગળ ધપાવે છે. સજીવ ખેતીને પ્રોત્સાહન મળે તે હેતુથી આ પ્રકારે એક સંગઠન "ગીર ફાર્મ્સ" અસ્તિત્વમાં આવ્યુ.

ખેત ઉત્પાદક સંગઠન ખેડુતોને કાર્યક્ષમ, ઓછા ખર્ચાળ અને ટકાઉ સંસાધનોના ઉપયોગ દ્વારા તેમની ઉત્પાદકતા વધારવા ઊંચુ વળતર મેળવવાનું સમજવા સક્ષમ બનાવે છે. આ સંગઠનોને પ્રોત્સાહિત કરીને, સમર્થન આપીને અને શૈક્ષણિક, સંસોધન એજન્સીઓ, સિવિલ સોસાયટી અને ખાનગી ક્ષેત્રના ફળદાયી સહયોગ થકી એક સમૃદ્ધ અને ટકાઉ કૃષિક્ષેત્ર બનાવી શકીએ. નાના અને સીમાંત ખેડૂતો ઘણાં પડકારોનો સામનો કરવા એક સૌથી અસરકારક વિકલ્પ તરીકે બહાર આવ્યા છે. તેઓએ રોકાણો, તકનીક, ઈનપુટ અને બજારો સુધીની પહોંચ વધારી છે. આસપાસના ખેડૂતોને સંગઠીત કરી તેઓની ઉત્પાદન અને વેચાણશકિતની સામુદાયિક ક્ષમતાનો પરિચય એક સૌથી ઉચિત



**મુંઝવણ સાથે દોડવા કરતા આત્મવિશ્વાસ સાથે ચાલવું વધારે સારૂં છે**

સંગઠનાત્મક સ્વરુપે કંપની ધારા તળે નોંધાયેલા ઉત્પાદક સંગઠનોએ આપ્યો છે.

આમ, દરીયાઈ વિસ્તારમાં ખેતીના પ્રશ્નો અન્ય વિસ્તારોના પ્રમાણમાં વધુ જટીલ હોવાનું જણાયું છે, ખારાશ વધતી જાય છે તેની ચિંતા કોસ્ટલ સેલીનીટી પ્રિવેન્શન સેલએ કરી અને તે કાર્યમાં એસએસકેકેની ટીમ જોડાઈ. કોટન કનેકટ, નાબાર્ડ, જીઆઈઝેડ, ઓસ્ટ્રેલીયન કોન્સ્યુલેટ, સજજતા સંઘ, ગુજપ્રોનો પણ સહયોગ પ્રાપ્ત થયો.

આ વિસ્તારના ખેડૂતોએ જાફરબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની લી. તથા સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની લી.ની સ્થાપના કરી છે. આ બંને કંપનીના સભાસદોને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી તા. ૩૧/૦૧/૧૭ના રોજ ધોકડવા મુકામે એક વિશાળ ખેડૂત સભાનું આયોજન કર્યુ થયુ હતું.

આ પ્રોત્સાહન કાર્યક્રમમાં ૫૦૦થી પણ વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો. સ્વસહાય જુથના હોદેદારો, બંને ખેત ઉત્પાદક સંગઠનના પદાધિકારીઓ, શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ટીમ, નાબાર્ડ અમરેલી તથા ગીર સોમનાથના જીલ્લા અધિકારીશ્રીઓ, ગીરગઢડાના તાલુકા વિકાસ અધિકારીશ્રી, સીએસપીસી તથા કોટન કનેકટના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહયા હતા.

સંગઠનની રચના, તેમાં જોડાવાની પ્રક્રિયા, સંચાલનનું માળખુ, થનાર લાભની બાબતો, સભ્યોની તથા લર્નીગ ગૃપની સક્રીયતા તથા કાર્યો અને જવાબદારીઓ પર સ્પષ્ટતાઓ થઈ હતી.



**સુખ દુઃખના સરવાળા માટે જિંદગી નથી. જિંદગી છે અંધારામાં અજવાળા કરવા માટે**

## ટીમ મીટીંગ

સફળવાર્તા, કેસસ્ટડી, વીડીયો કલીપીંગ્સ તથા ગુણવતાયુકત દસ્તાવેજીકરણ થાય તથા માસિક પ્રગતિ રીપોર્ટ નિયમિત અપડેટની ચર્ચા થઈ.

"ગાંધીજીના આઝાદ ભારતની રચના" ના ઉદાહરણ દ્વારા વીઝન, મીશન, ઓબ્જેકટીવ, પ્રોગ્રામ, પ્રોજેકટ અને એકટીવીટી સમજવા પ્રયાસ થયો. પ્રોગ્રામ કોઓર્ડીનેટરની જરુર જણાઈ, પરંતુ સંસ્થાના આર્થિક ભંડોળની મર્યાદાને લઈ તે પ્રકારના સ્પેસીફીક મેનપાવરની નિમણુંક થઈ શકી નથી. તમામ સાથીઓએ ક્ષતિઓ રહેતી હોવાની બાબતો સ્વીકારી. ખેત ઉત્પાદક સંઘો રચાયા અને તે કંપની ધારા હેઠળ નોંધાયા. ખેડુતો સાથે સારો સંપર્ક ધરાવતા વ્યકિતઓને સીઈઓ તરીકે મુકયા પણ તેમની પાસે કંપની ધારાના જ્ઞાન તેમજ વેપારના અનુભવનો અભાવ છે. સાથે સાથે તે જ વસ્તુ ખેત ઉત્પાદક સંઘોના ડાયરેકટર્સ માટે લાગુ પડે છે તેવો સુર નીકળી આવ્યો હતો. ચર્ચાના અંતે "પ્રોગ્રામ સંકલન સમિતિ" રચવાનુ નકકી કરવામાં આવ્યુ. પ્રોગ્રામ અને પ્રોજેકટ બેઈઝ ગેપ એનાલીસીસ, નબળાઈને તાકાતમાં ફેરવીએ, પીસી/એલજી/એસીસી અને પ્રોજેકટ કાર્યનું જોડાણ, નબળી કામગીરીવાળા વિસ્તારો માટે ખુટતા પ્રયાસો, સ્ટાફની કુશળતાઓ બાબતે દર શનિવારે મળશે તેમ નકકી કરવામાં આવ્યુ. આ સમિતીમાં સીઈઓ–૩, પીયુ મેનેજર–૨, એઓ–૨ તથા અમરેલી ઓફીસથી એક પ્રતિનિધિ રહેશે તેવો નિર્ણય કરવામાં આવ્યો.

ફીલ્ડ ફેસીલેટેટર/વોલેન્ટીર્યસને માસિક પગાર કે પ્રોત્સાહક રકમ માટે સ્વોટ કવાયત થઈ. નંબરવાળી કામગીરીની સામે ગુણવતા, નીરંતરતા તથા ફોલોઅપ માટે ઈન્સેન્ટીવ મોડેલ બરાબર ન હોવાનો સુર જોવા મળ્યો. ૨ થી ૫ ગામ વચ્ચે એક એગ્રીકલ્ચર કોમ્યુનીકેશન સેન્ટર માટે સંચાલક મુકી તેમને પ્રોત્સાહક વેતન અને ખરીદ વેચાણમાં કમીશન આપી શકાય જેને લઈ પ્રોગ્રામનુ ટકાઉ પણુ આવી શકે.





**આત્મપ્રશંસા જેવુ કોઈ ઝેર નથી, આત્મનિંદા જેવુ કોઈ અમૃત નથી**

## ટકાઉખેતી

દોસ્તો, ગયા અંકમા વિશેષ તો કપાસની સાઠી પર વાતો કરી હતી. જે આપણે ઉપયોગી થઈ હશે. આ અંકમા ખેત ઉત્પાદન કંપની વિષે વાતો કરીએ. ૩૧ જાન્યુઆરીના રોજ ખેત ઉત્પાદન સંગઠનોએ સંગઠનના અનુભવી લોકોના વિચારો જાણવા કાર્યક્રમ યોજયો જે આવતા સમયમાં સંગઠનોને ઉપયોગી થશે. મારા મતે સંગઠનનું મહત્વ, સંગઠનનું માળખું, સભ્યોનું સંગઠનમાં જોડાણ, સંગઠનના ફાયદા, સંગઠનમાં મહિલાઓની ભુમિકા.

મિત્રો, ખેડુતોમાં સંગઠનમાં જોડવાની ભાવના અને તેને આગળ લઈ જવા માટેની મહેનત અને પોતીકાપણું આ બાબતને ધ્યાને લઈને ચાલીએ તો સંગઠનને મજબુત રીતે ચલાવી શકાય. આ શકિતનો અહેસાસ મને જોવા મળ્યો. જો સંગઠનને પોતાનું માની અને જોડાણ થાય તો જ ખરેખરો લાભ મેળવી શકીએ. સોરઠ અને જાપકો બને સંગઠનમાં સભ્યોના જોડાણમાં નબળું પાસું ગણી શકાય. લગભગ એકાદ વરસનો સમય વીતવા છતાં પણ નકકી થયા મુજબનું કામ થયું નથી. જો સભ્ય સંખ્યા કંપનીમાં હોત તો તુવેરની ખરીદી કરી અને કંપની અને ખેડુત બને ને મજબુત કરી શકયા હોત. સમય હજી વીત્યો નથી ખેડુતોમાં કંપની પ્રત્યે ઉત્સાહ દેખાય છે. વધુ ખેડુતો કંપનીમાં જોડાય તે ઈચ્છનીય છે.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર સંસ્થાની વાત કરીએ તો લીગભેદના મુદા પર પણ કાર્યરત છે. તે બાબતને ધ્યાને લઈ આ કાર્યક્રમમાં દંપતી સાથે આવવું તેમ નકકી કર્યુ હતું. જે લોકો આ બાબતે ગંભીરતા દાખવી અને દંપતી સાથે ભાગ લીધો તેનાથી સંસ્થાનની ટીમનો ઉત્સાહ વધ્યો છે. આ વિસ્તારના વિકાસ કાર્યોમાં મહિલાઓ સહભાગી બની રહી છે તેવુ સ્પષ્ટ જણાઈ રહયુ છે.

દોસ્તો છેલ્લે ખેડુતોના કામની વાત મિત્રો સંસ્થાના ચાલતા કાર્યક્રમ અંતગત ૨૭ ફેબ્રઆરી થી ૨૫ માર્ચ સુધી જમીન ચકાસણી અભિયાન ગીર ગઢડા, ઉના અને ખાંભા તાલુકાના કુલ ૩૭ ગામોમાં ચાલશે. જેમાં સંસ્થાના કાર્યકરો છત્રી સાથે આપના ગામમાં આવશે. જે ખેડુતોને જમીનનો નમુનો કેવી રીતે લેવો તે પ્રેકટીકલ કરી બતાવશે. આ અભિયાનમાં ખેડુતોએ જમીનનો નમુનો આપવાનો રહેશે. એન.પી.કે. ની ચકાસણી કરાવવી હોય તો નમુના દીઠ ૭૦ રૂપિયા અને સુક્ષ્મ તત્વો ચકાસણી કરાવવી તો ૧૧૦ રૂપિયા અને બને સાથે કરાવવી હોય તો ૧૭૦ રૂપિયા મામુલી ફી સાથે આપ જમીન ચકાસણી કરાવી શકો છો. અને ૨૦ – ૨૫ દિવસમાં અંદર આપના ઘરે રીપોર્ટ મળી જશે. માટે આગ્રહ કરું છું કે આપ સૌ ખેડુતો આ સોનેરી તક ગુમાવશો નહી.

*ડી.એન. ઝાલા ૯૮૨૫૪૨૨૨૪૪*

**સભ્યતાનું સ્વરૂપ સાદગી, પોતાના માટે કઠોરતા અને બીજાના માટે ઉદારતા**

**Happy birthday**

| | |
|---|---|
| Mehul Vaghela | 05.03.1998 |
| Sneha Maru | 12.03.1993 |
| Nitesh Gohil | 25.03.1991 |

**In this month**

2 Meeting with CSPC for program coordination.

9-10 National Workshops on Coastal Salinity: Management Strategies.

11 Discussion on program coordination and incentive base field fecilitator BY SSKK Team.

16-19 Expousre workshop on Learning Resousse Centre at Lokbharti Sanosara.

21 Presentation of baseline study.

22 Programme Coordination committee meeting at Dhokadva.

23 GUJPRO BOD

26 Transforming Diarrhoea Treatment in India: Scaling Product and Delivery Innovation" dissemination meeting organised by CHAI

27 Training and Exposure visit for members of Gir farms Producer Co. ltd.

**શિક્ષણ અંગેની કાર્યપધ્ધતિ પર કાર્યશાળા**

૧૬ થી ૧૯ ફેબ્રુઆરી દરમ્યાન લોકભારતી સણોસરા મુકામે યોજાયેલ કાર્યશાળામાં ગોરધન વાઘેલાએ ભાગ લીધો. એઆઈએફ પ્રેરીત 'લેમ્પ' માટે લર્નીગ રીસોર્સ સેન્ટરના કન્સેપ્ટને સિધ્ધ કરવા ગણિત વિજ્ઞાનનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે તેવી સરળ પધ્ધતિઓ શીખવા મળી.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**માતાના હૈયાના આશીર્વાદ એ જ સંતાનની સાચી મુડી છે**